# જિલ્લા રમત ગમત અધિકારી કચેરી

અમરેલી

બહુમાળી ભવન, બ્લોક- સી, રૂમ નં- ૧૧૦,૧૧૧, પ્રથમ માળ.

ફોન નં:- ૦૨૭૯૨-૨૨૩૬૩૦

E-mail :- amrelidso.ysca@gmail.com


પત્રક ક્રમાંક:-જરગઅ/૧૦૧૯/૨૦૨૧

તારીખ:-૧૪/૦૬/૨૦૨૧

પ્રતિ,

માન. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

અમરેલી

વિષય:-ફીટ ઇન્ડિયા મુવમેન્ટ અંતર્ગત "ફીટનેસકા ડોઝ આધા ઘંટા રોઝ" ક્વિઝ બાબત

સંદર્ભ:- ફીટ ઈન્ડીયા મુવમેન્ટ નોડલ ઓફિસરશ્રી ગુજરાત રાજ્યના તા.૦૯-૦૬-૨૦૨૧ ના પત્ર ક્રમાંક/એસ.જી.સે.યુ./૫૪૩/૨૦૨૧ અન્વયે

શ્રીમાન,

ઉપરોક્ત વિષય તથા સંદર્ભિત પત્ર પરત્વે જણાવવાનુકે, આપણા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ તા.29/08/2019 ના રોજ ભારતના નાગરિકોની સામાન્ય શારીરિક તથા માનસિક તંદુરસ્તી માટે ફિટ ઇન્ડિયા મૂવમેન્ટ શરૂ કરી છે. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીજીના "हम फिट तो भारत फिट" ના સૂત્રને સાર્થક કરવા માટે ગુજરાતના દરેક જિલ્લા, તાલુકા, શહેર અને ગામના દરેક નાગરિક તંદુરસ્તી અને સશક્ત જીવનશૈલીને પોતાના જીવનનો ભાગ બનાવે તે અત્યંત આવશ્યક છે.

ભારત સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય હેઠળના રમત ગમત વિભાગ દ્વારા દેશભરમાં વ્યક્તિગત તંદુરસ્તીને પ્રોત્સાહન આપવા માટે ફિટ ઇન્ડિયા મૂવમેન્ટના નેજા હેઠળ અનેક પ્રવૃત્તિઓ અને ઝુંબેશની યોજના બનાવી છે. આ યોજનામાં ફિટ ઇન્ડિયા થીમ વિષયક અભિયાન- "फिटनेस का डोज़ - आधा घंटा रोज़", ફીટ ઈન્ડિયા ક્વિઝ નો (જૂન ૨૦૨૧)માં સમાવેશ કરવામાં આવ્યો છે. આ રાષ્ટ્રીય કક્ષાની પ્રથમ ક્વિઝ છે. જે શાળાઓ અને વિદ્યાર્થીઓને કુલ મળીને રૂ .3.25 કરોડનું રોકડ પુરસ્કાર આપાવામાં આવશે.

જીલ્લા શિક્ષણાધિકારી કચેરી
અમરેલી
આવક ક્રમાંક:- 2546
શાખાનું નામ:- યોજના
તારીખ:- ૧૭/૬/૨૧
સહી:

ફિટ ઇન્ડિયા ક્વિઝ ચાર રાઉન્ડમાં યોજવામાં આવશે:

<u>શાળા રાઉન્ડ:</u> પ્રારંભિક રાઉન્ડ માટે વિદ્યાર્થીઓની નોંધણી શાળા દ્વારા હાથ ધરવામાં આવશે.

(રજીસ્ટ્રેશન ૧ જુલાઈ થી ૩૧ જુલાઈ ૨૦૨૧ સુધી-મિનિમમ ૨ વિદ્યાર્થી/શાળા - Rs.૨૫૦/- રજીસ્ટ્રેશન ફી/વિદ્યાર્થી - રજીસ્ટ્રેશન લિંક https://fitindia.gov.in).

- <u>પ્રારંભિક રાઉન્ડ:</u> રાષ્ટ્રીય પરીક્ષણ એજન્સી (NTA) દ્વારા 13 ભાષાઓમાં મલ્ટિપલ ચોઈસ દ્વારા ઓનલાઇન લેવામાં આવશે. (૪ સપ્ટેમ્બર ૨૦૨૧ થી - ૪૫ મિનિટ/૬૦ MCQ સવાલ)
- <u>રાજ્ય રાઉન્ડ:</u> પ્રારંભિક રાઉન્ડ પછી ક્વોલિફાઇ થયેલ સ્કૂલોમાં ફિટ ઇન્ડિયા મિશન થકી દરેક રાજ્ય / કેન્દ્રશાસિત કેન્દ્રો દ્વારા હાથ ધરવામાં આવે છે. (૧ ઓક્ટોબર થી ૩૧ ઓક્ટોબર ૨૦૨૧ સુધી)
- <u>રાષ્ટ્રીય રાઉન્ડ:</u> અંતિમ રાઉન્ડ જેમાં દરેક રાજ્ય / કેન્દ્રશાસિત પ્રદેશની વિજેતા ટીમ ભાગ લેશે. (૧ નવેમ્બર થી ૧૪ નવેમ્બર ૨૦૨૧ સુધી)

ફિટ ઇન્ડિયા મૂવમેન્ટના નોડલ ઓફિસરશ્રી, ગુજરાત રાજ્ય દ્વારા , ફિટ ઇન્ડિયા અભિયાન વધુમાં વધુ વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવા માટે સમર્થન અને જરૂરી કાર્યવાહીની અપિલ કરવામાં આવેલ છે. જેથી આપના હસ્તકની અમરેલી જીલ્લાની તમામ શાળાઓને આપ સાહેબની કચેરી દ્વારા આ ક્વિઝ બાબતની જાણ થવા નમ્ર વિનંતિ કરુછું

વધારે માહિતી માટે Fit India Mission, Ministry of Youth Affairs and Sports, Government of India નો તા.૦૧/૦૬/૨૦૨૧નો પત્રક્રમાંક: F.No. 19-1/FIT INDIA/QUIZ/2020 બિડાણ સહ મળેલ છે. જે પત્ર આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવેલ છે.

આપનો વિશ્વાસુ

Ashraf

(અશરફ આર.કુરેશી)
જિલ્લા રમત ગમત અધિકારી
અમરેલી

પરીપત્ર નં - ૭૧૮

ક્રમાંક:યોજના/ફીટ ઇન્ડિયા/ક્વિઝ/2021
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અમરેલી, તા.૧૯/૦૬/૨૦૨૧

ઉપરોક્ત પરીપત્રની જાણ તથા અમલ સારૂ

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉ.મા.શાળાઓ તમામ,
જિ.અમરેલી